ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ નં. તા.૧૨/૦૨/૨૦૧૭

**શ્રી વિજયભાઈ રૂપાણીની ભાજપ સરકાર પીડિતાને Justice આપવા માટે કડક એકશન લઈ રહી છે.**
**જ્યારે વિરોધી પાર્ટીઓ પોતાના શાસનકાળમાં આરોપીઓને Justify કરીને રી-એકશન આપતી હતી. - ભરત પંડયા**

----------------------

**નલીયાની ઘટનાને સંવેદના અને ન્યાયના દૃષ્ટિકોણથી જોવી જોઈએ.**
**તેને વાદ-વિવાદ અને રાજકીય જૂઠ્ઠાણાંઓથી પ્રજાને ગેરમાર્ગે ન દોરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. - ભરત પંડયા**

----------------------

પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, નલીયા, કચ્છની ઘટનાના તમામ આરોપીઓને કડકમાં કડક સજા મળે અને પીડિતાને ન્યાય મળે તે માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ભાજપ સરકાર કડકમાં કડક એકશન લઈ રહી છે. એક સિવાય તમામ આરોપીઓ પકડાઈ ગયાં છે. આરોપીઓને ૧૨થી ૧૪ દિવસનાં રીમાન્ડ મળ્યાં છે. રાજય મહિલા આયોગનાં ચેરમેનશ્રી લીલાબેન અંકોલીયાએ પીડિતા અને તેના પતિની કચ્છમાં જઈને રૂબરૂ મુલાકાત લીધી હતી. મીડિયા દ્વારા પણ જોવા અને જાણવા મળ્યું કે પીડિતાએ પણ મીડિયામાં પોલીસ કાર્યવાહી સારી કરી રહી છે. તેમ કહીને પોલીસના પગલાંથી સંતોષ વ્યકત કર્યો હતો.

શ્રી પંડયાએ જણાવ્યું કે, પીડિતાની સંવેદનાની લાગણી સાથે છે, અમે ઘટનાને, પીડિતાને, ન્યાય અપાવવા સંપૂર્ણ પ્રયાસ સાથે કટિબદ્ધ છીએ પરંતુ કોંગ્રેસ અને આપ પાર્ટી રાજકીય જૂઠ્ઠાં આક્ષેપો કરીને રાજકીય રોટલા શેકવા પ્રયાસ ન કરે તેવી અમારી અપીલ છે. કોંગ્રેસ અને આપ પાર્ટી તેમના શાસનકાળમાં તેમનાં નેતાઓએ એટલે કે આરોપીઓ કરેલા કરતુતોને છાવરીને બચાવવા પ્રયાસ કરતા હતાં. **બન્ને પાર્ટીના અનેક નેતાઓ આ પ્રકારની અનેક ઘટનામાં સંડોવાયેલા ગુજરાત અને દેશની જનતાએ જોયા છે. એ વિષે ઉદાહરણો કે ઘટનાઓ કહેવાનું હું યોગ્ય માનતો નથી.** પરંતુ વિરોધી પાર્ટીઓએ પૂરાવા વગરનાં અને જૂઠ્ઠા રાજકીય આક્ષેપોથી દૂર રહેવું જોઈએ.

**શ્રી પંડયાએ વધુ જણાવ્યું કે, ભાજપ પીડિતાને Justice આપવા માટે કડક એકશન લઈ રહી છે. જ્યારે વિરોધી પાર્ટીઓના શાસન કાળમાં આરોપીઓને Justify કરીને રી-એકશન આપતી હતી. આપ પાર્ટીએ ગાંધી માર્ગે આંદોલનની વાત કરી છે ત્યારે તેમને યાદ આપવું જરૂરી છે આપના મંત્રીશ્રી સંદિપકુમારના રેશનકાર્ડ માટે મહિલા શોષણની સીડી કાંડની ઘટનાને વખોડવાને બદલે Justify કરતાં આર્ટીકલ આપના નેતા આસુતોષે બ્લોગમાં લખ્યાં હતાં અને સંદિપકુમાર સેકસકાંડને મહાત્મા ગાંધીજી સાથે સરખાવીને ગુજરાત, દેશ અને ગાંધીજીનું ભયંકર અપમાન કરીને હવે કયા મોઢે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની વાત કરે છે ?**

શ્રી પંડયાએ વિરોધી પાર્ટીઓને અપીલ કરતાં જણાવ્યું હતું કે, કચ્છમાં બનેલ આ ઘટનાને સમગ્ર કચ્છ સાથે જોડીને કચ્છ કે ગુજરાતને બદનામ કરશો નહીં. આ ઘટનાને સંવેદના અને ન્યાયના દૃષ્ટિકોણથી જોવી જોઈએ. તેને વાદ-વિવાદ અને રાજકીય જૂઠ્ઠાણાંઓથી પ્રજાને ગેરમાર્ગે ન દોરવાનો પ્રયાસ ન કરવો જોઈએ.

**.- હર્ષદ પટેલ ,**
**મીડિયા સેલ કન્વીનર,**